શ્રી ૧.

ભગવદ ભગતી

અથવા

પ્રભુ પ્રાર્થના.

કર્તા

લલુભાઇ પ્રભાશંકર.

અમદાવાદ.

રાજનગર ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસ.

કીંમત ચાર આના.

જાદે કીંમત માટે જુઓ સામેનું સુચના પત્ર.

સંવત ૧૯૬૩ સને ૧૯૦૬.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
પ૨:૪૧૪ ૧૮૭૩

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૮૭૩ वर्गांक

पुस्तकनुं नाम ભગવદ્ ભક્તિ

विषय ૫૨:૪૬૪

વીનંતીપત્ર.

દોહરો.

થઇ, દાતારી, કરણથી, નહી થઇ રાવણ હાથ
ઘશી હાથ રાવણ, ગયો, કરણ, કીરતી, સાથ.
ત્યમ તું મનને મારજે, ભગતી, ધરજે સાથ;
અગર, નહીં તો, ધારજે, ઘસવા પડશે હાથ.
રંક ગુણથી, રામને, ભજવા ધરજે ભાવ;
સકળ, તાપ તનના, મટે; મળે મોક્ષપદ નાવ.
સંસારીએ, સાધવાં, કર્મ, ધર્મ, ઉપકાર;
ત્રણે, રાખે, એકઠાં, તેને નહી, જમમાર.
ધ્યાન નહી, સમતા નહી, નહી જ્ઞાનને ગુણ;
જન એવા, જે, જગતમાં, જીવન, તેનું લુણ.
દયા ધરી થા દેખતો, દાન કરી દાતાર;
ધર દિનતા થા રામનો, થઇ જાશે ઉદ્ધાર.
સત્ય વિના નહીં સાંપડે, ધન ધાન્ય ને ધર્મ;
કષ્ટ, કુડથી આવશે, સમજી રાખો મર્મ.

મદ મમતાને પરહરી, ધરજે હરીનું ધ્યાન;
નહી સંકટ તુજને રહે, પરભુ અરપે જ્ઞાન.
કર્મ, ગુણનું કારમું, સુખ દુખ એમ દેખાય;
જેમ વ્યાધીના રોશને, મટતાં મોડું થાય.
શાસ્ત્ર સારની વાત તે, પલટ પલટ સમજાય;
જેમ ચુરણને ચાવતાં, સ્વાદ પછી દેખાય
ચુંગા મુખસેં ચુગલે, રામ, નામકા ચુર;
ભગતી, જ્ઞાન પ્રકાશ દે, ઓર દેત હે તુર.
ગ્રંથ, આરોપણ સારમાં, છે ભગતી સો સાર;
કરતાં કરતાં પામશો, સકળ જગત કીરતાર.

પ્રીય મીત્રો, ઉપર આપેલા દોહરાનો અર્થ સર્વ સાધારણ છે. બાળકો તથા સ્ત્રીયો પણ સમજી શકે તેમ છે. એટલે તેનું અધીક ટીકા સાથે વીવેચન કરવાની જરૂર જણાની નથી, એનો સાર માત્ર એ છે કે, સર્વ શાસ્ત્રની સાક્ષ પ્રમાણે ઇશ્વર ભગતી આદરો,

જેથી સર્વ સુખ સાધ્ય થશે, અને સર્વ સુખનો એજ, સેહેલો ઉપાય છે. એમ સર્વ પ્રમાણથી સીદ્ધ થએલું છે માહાજ્ઞાની, અલ્પજ્ઞાની, તથા અક્ષર શુન્ય, પણ એમજ કહે છે. તેમ મોટા માહાત્માઓ પણ એમજ માને છે. યોગીયોનો પણ એજ આદર છે. અને પ્રત્યક્ષ પ્રમાણ પણ એમજ આવેલ છે. નારદ, પારાશર, વ્યાસ, વાલ્મીક ઈ-ત્યાદીકોએ એમજ કરેલ છે. પ્રલ્હા-દાદીકના પણ પ્રત્યંતર જુઓ, ભગતી વશ ભગવાન છે અને એજ સર્વ સુ-ખનો સેહેલો ઉપાય છે. જેમાં કંઇ કષ્ટ નથી, પૈસો પડતો નથી, શરીર સોસાતું નથી, આસન આરોપવાં પડતાં નથી, આબરૂ અલગી કરવી

પડતી નથી, સંસારને શરમાવવો પ-
ડતો નથી. સેવકપણું સેવવાની જરૂર
રેહેતી નથી અને એકવાર જો મનને
માને તો સેહેલાઇથી, સંસારનાં સર્વ
કાર્યો કરતાંની સાથે, અને સુતાં સુતાં
પણ સારી રીતે થઇ શકે છે. પણ
શ્રદ્ધાના સાધન શીવાય કરવી એ પ્ર-
થમ જરા કઠણ પડે છે. તે કઠણાશ
કેટલી કે શેરડીના સાંઠાને સેવવા-
માં પડે છે તેટલીજ છે. શેરડીનો
સાંઠો અંદરથી ગળ્યો સાકર જેવો,
અને એનો રસ માંહેથી મીઠો, મધ
જેવો, એમ સર્વને અનુભવ સાથે સીદ્ધ
થએલું છે. પણ એ પ્રથમ હાથમાં
પકડતાંજ ઉપરના છોડાંને લીધે કઠણ
માલમ પડે છે. પરંતુ સારૂં ધારવા

ણું સાધન લેઇ, તેને, ધીમે ધીમે છોલી, છોડાં કાહાડી તેના કકડા કરી, બેઠી ડાહાડે ચુશીએ તો એનો સ્વાદ એવો આવે છે કે જે અનુભવી હોય તેજ જાણે, મોહોડેથી કહી શકાય નહીં એનો રસ એવો મીઠો છે, તેવો તેનો ગુણ પણ તેવોજ છે. માંદાને મટાડે છે, શરીરને સારી પુષ્ટી આપે છે, જેથી ઉદયોગ આદરાય છે. અને સંપતી સાધ્ય થાય છે. એમજ ભગવાં એ શેરડીનો સાંઠો છે. એના ઉપર આળસરૂપી છોડાને શ્રદ્ધાના સાધનથી છોલી નાંખો, અને કર્મ, ઉપાસના રૂપી એના પીતા પાડો, અને પ્રેમરૂપી બેઠી દાઢથી ચુસો જુઓ? કેવો આનંદ આવે છે.અરે! એટલુંજ નહીં

પણ ઊંધે મસ્તકે પણ જો તે આદરો તો પણ પરીણામ પાંશરો થાય છે. વાલ્મીકજીએ, "રામ, રામ"ની જગાએ "મરા, મરા," શબ્દથી પ્રભુ ભજ્યા તો પણ તે કૃપાળુએ અંદરનો ભાવ સાચો સમજી લેઈ ઊલટને સુલટ કરી, એમને સંપુર્ણ રીતે કૃપા કરી, ભગવદ ગુણ ગાનારા આદ્ય કવીયોમાં અંગીકાર કર્યા સુધનવાનું તેલ, ટાહાડુ કર્યુ, મીરાંબાઇના વીષનું અમૃત કર્યુ, નરસી મેહેતાના બાપનું શ્રાધ સારૂ, દ્રૌપદીનાં ચીર પુરાં, મયુરધ્વજને મોક્ષ દીધો, ગજેંદ્રને મુકાવ્યો, પ્રહ્‍લાદને ઉગાર્યો બીલ્લીનાં બચ્ચાં બચાવ્યાં, પોપટ પોપટીને ઉકાળામાંથી અળગાં કર્યાં મુજકંદ વૃક્ષનો મોક્ષ કીધો, શલ્યાને ઉ-

દ્વારી અહલ્યા કરી, એ રીતે અનેક દાખલાઓં ઉઘાડા છે. એ દાખલાઓ થી જાણી લેશો કે જ્ઞાનીઓ, તથા વિદ્વાનો, વીગેરેઓએ વીધીપુર્વક યજન કીધાથી તેમને સહાય કરી છે. એટલુજ નહી પણ અલ્પજ્ઞાનીઓ તથા અક્ષર જુન્યોએ માત્ર ભાવથી તેમને ભજવાથી, તેમને સારી સાહ્ય કરી છે. અરે! એથી પણ વધારે એકે પશુ પક્ષીઓ જેમનાથી વાણી વડે પણ તેમનું યજન થઇ નહી શકતાં માત્ર મન વડે મનન કરેલ છે, તેમને પણ સંકટ સમયે સાહ્ય થએલ છે, એથી પણ અધીક એકે વૃક્ષ, અને છેવટ (શલ્યા) પથર એવો એ પણ એનું શરણું ધરવાથી એમનો મોક્ષ કીધો છે એવો

એ કૃપાળ, પ્રભુ છે; એ કોનું ના સુ-
ધારે ? સર્વ શરણાગતનું એ સર્વ રીતે
સુધારે છે. માત્ર શ્રધા સાથે એની ભ-
ગતી કરવી જોઈએ માટે, ગીત્રો ? બ-
ની શકે તો સારી સમજથી, વીધી
પુર્વક યજન કરીને, અગર નહી તો એક
અંગથી અગર માત્ર ભાવ રાખીને અને
તેમ નાજ બને તો ઉંધે મસ્તકે અર્થ
સમજ્યા વીના પણ, ભગવદ ભગતી
કરવાથી અટીક તથા પરલોકીક પણ
સર્વ સીદ્ધી પ્રાપ્ત થાય છે. એવા અનેક
પત્યંતરો છે. એ ઉંદરમાં આણી, એકં-
દરમાં એટલુંજ કહેવાનું કે જે કોઈને
જેમ અનુકુળ આવે એ રીતે, અને
રાતે, દહાડે, કામે ધંધે, અંગે, અંકે,
બેઠે, ઉભે, અને સુતેસુતે પણ જેમ થઈ શકે

તેમ પ્રભુ પ્રાર્થના અને ભગવદ ભગતી કરશો તોં કલ્યાણ થશે. એમ એની પણ ઇચ્છા અને આજ્ઞા હોય એમ જણાય છે.

અને જેમ તરવાર એ માત્ર કેહેડે બાંધે તેની નહીં પણ જે મારે તેની થાય છે. તેમ દાતારી અને ભગતીએ પણ માત્ર દેખાડે તેની નહી પણ કરે તેનીજ થાય છે ને કરશે તેની થશે એ સર્વ સાક્ષછે. અને એ સર્વ સુખદાતા છે, માટે આળસ માત્ર ઉડાડી પુરા પ્રેમ ભાવે ભગવાનની ભગતી કરવી એ તરણોપાયનો પ્રથમ પાયો છે. એમ અનુભવમાં આવે છે. અને તેથી ઈતર ઉધ્યોગના આરંભમાં આ ભગતી ભાગનું પુસ્તક પ્રથમ પ્રસીદ્ધ કરી

સ્વાર્થીના સમાસ સાથે પરમાર્થ પ્રિત્યર્થ આગળ ધર્યું છે. તે સર્વ સજ્જનો સ્નેહ સાથે અને અતી આદરથી અંગીકાર કરશે અને એને આનંદ સાથે આશ્રય આપશે. જે આધારે વેદાંત વિધીનું પ્રયત્ન પણ પાર પડશે એમ આશા છે.

—— :*: ——

પ્રથમોપદેશ

પ્ર—૧૦૩

સર્વ સ્વધર્મનિષ્ટ સ્ત્રી, પુરૂષોએ, પાછલી ચાર ઘડી રાત રહે ત્યારે (૧) નારાયણ (૨) નારાયણ (૩) નારાયણ (૪) નારાયણ (૫) નારાયણ (૬) નારાયણ (૭) નારાયણ (૮) નારાયણ (૯) નારાયણ એ પ્રમાણે શબ્દોચ્ચાર કરતાંકરતાંજાગી ઉઠી બેઠા થઈ સાવધાન પણે નિંદ્રા ઉડાડી, ગણપતી, સરસ્વતી, શીવ, નારાયણ, રામ, કૃષ્ણ, ગોવીંદ વીગેરે ઇષ્ટ દેવનાં હજારો નામ છે તે પૈકી જે એક નામ ઉપર પોતાની પ્રીતી બેઠેલી હોય તે નામની ધુન્ય

લગાવી સ્મરણુ કરી શુદ્ધ જાગૃત
અવસ્થામાં આવી પથારીમાં બેસી
પદ્માસન, સુખાસન, વીગેરે આસનો
પૈકી જે પોતાને અનુકુળ પડે તે આ-
સન લગાવી પોતાના ઇષ્ટ દેવનું થો-
ડીવાર ધ્યાન ધરવું ને (તેમાં પોતાને
જેવો અનુભવ થયો હો) તેવા તેમ-
ના ગુણાર્વિંદ ગાવા તે થયા પછી
રાતરે પાસે રાખેલી માળા હાથમાં
લઈ ઓછામાં ઓછા એકસોને આઠ
મણમકા તે ઈષ્ટ દેવના નામથી મુકવા
એ રીતે ઇષ્ટ દેવની એક માળા થઇ
રહે એટલે જાણે તે દેવ આવીને સામ ઉ-
ભા છે એમ સમજી શુદ્ધ અંતઃકરણ-
થી પોતાના ઈષ્ટ દેવને સંબોધીને ની-
ચે બતાવ્યા પ્રમાણે તેમની સાથે જાણે

આપણે વાત કરતા હોઈએ એવા અ-
વાજે અને એવા અંતઃકરણે તથા એક
ચીત્તે એમની પ્રાર્થના કરવી તે નીચે
બતાવ્યા પ્રમાણે.

હે પ્રભુ ! અમે અમારા જન્મ-
ની અગાઉ કયાં હુતા તે અમે જાણુતા
નથી પણ જયારે તમારી મરજી થઇ
ત્યારે તમે અમોને જન્મ આપ્યો છે.

અમને ઉછેરવામાં અમારા મા
બાપે બહુ સંભાળ લીધેલી છે, પણ
હે પ્રભુ! અમોને જીવાડવાની જો
તમારી મરજી ન હોત તો તેઓ કાંઇ
કરી શકત નહીં.

અમારા પગના તળીયાથી તે
માથા સુધી એવી કોઇ પણ વસ્તુ

નથી, કે જે તમોએ અમોને આપી ન હોય. એટલુંજ નહીં પણ આખા દહાડા કે આખી રાતમાં એવી એકે પળ નથી કે જેમાં તમે અમારી સંભાળ લેતા ન હો.

હે પ્રભુ! અમે તમને યાદ કરવામાં આળસ કરીએ છીયે, પણ જો તમે અમને ભુલી જાઓ તો અમારી બહુજ માઠી વલે થઇ જાય.

હે હરી! કાચના કડકાને ભાગવા માટે કાંઇ મોટો હથોડો જોઇતો નથી તેને તો માત્ર હાથમાંથી મુકી દઇએ તો તુરતજ તેના ઘણા ટુકડા થઇ જાય છે, તેમજ હે પ્રભુ જો તમારે અમોને મારવા હોય તો તેમાં તમોને

કાંઇ મોટી મહેનત કરવાની નથી, માત્ર તમારી શુભ દૃષ્ટિ ખેંચી લો તો અમે નિર્બળ જીવો તો પેલા કાચના કડકાની માફક પળ વારમાં ફુટી જઇએ તેવા છીએ.

અમારી માના ઉદરમાં પણ તમેજ અમારી સંભાળ લીધી છે અને હમણાં પણ તમેજ અમારી સંભાળ કરો છો.

તમે અમને મનુષ્ય બનાવ્યા, એટલુંજ નહી પણ ઉત્તમ કુળ, સારી જાત, પ્રેમી માતપિતા, રૂડા દેશ અને સારા શેઠ આપ્યા છે, એ બધી તમારી કૃપાની નીશાની છે.

અમારી પાછળ જન્મેલાં ઘણાં માણસો અમારી નજર આગળ મરી ગયાં છે અને અમે હજી જીવીએ છીએ એ કાંઇ તમારો થોડો ઉપકાર નથી.

અમે તમારી પૃથ્વીના ઉપર ચાલીએ છીએ, તમારા સુરજના તેજ વડે કામકાજ કરીએ છીએ, તમારૂં સ-રજેલું પાણી પીને રહીએ છીએ, અને તમારી ઉત્પન્ન કરેલી હવા વડે જીવીએ છીએ માટે હે નાથ? હવે તો અમે સઘળી વાતે તમારા વડેજ છીએ, અને તમારા નિભાવ્યાજ નીભી રહ્યા છીએ એમાં કાંઇ પણ સંદેહ નથી.

આ જગતમાં ઘણી વખત એવું બનેછે કે જેની પાસે ધન હોયછે તેનું મન મોટું હોતું નથી અને જેનું મન મોટું હોય

છે તેની પાસે ધન હોતું નથી પણ હે પ્રભુ ! એ બન્ને ગુણ તમારામાં પરિપુરણતાથી રહેલા છે. નાના મોટા લાખો અને કરોડો ભીખારીઓ તમારી પાસેથી બેસુમાર માલ લઇ જાય છે પણ તમારો ખજાનો કાંઇ ખુટે તેમ નથી.

અમારી પાસે એક ભીખારી માગવા આવે તોપણ અમે કંટાળી જઇએ છીએ, પણ તમારી પાસે કરોડો ભીખારીઓ કે જેમાંના અમે પણ એક છીએ જેઓ સર્વે જમાનાઓના જમાનાઓ થયા તમારી પાસે વારંવાર માગ્યા કરીએ છીએ પણ તમે કંટાળતા નથી એવા તમે દયાળુ દેવ છો.

હે પ્રભુ ! આ જગતની અંદરની સોના અને રૂપાની બધી ખાણો તમારીજ

છે. હીરા અને રત્નોની ખાણોની માલકી પણ તમારી છે. અને સમુદ્રનાં પેટમાં પડેલાં મોતીઓ પણ તમારાં છે. પ્રભુ તમારો ભંડાર ભરપુર છે, તમારો ખજાનો અખુટ છે અને દુનિયાની સઘળી સમૃદ્ધિ તથા સાક્ષાત લક્ષ્મીના સ્વામી પણ તમેજ છો અને તમે જેને જેટલું આપ્યું છે તેટલુંજ તેની પાસે છે.

હે અનંત બ્રહ્માંડોના નાથ ! ઉત્તર, દક્ષિણ, પૂર્વ, અને પશ્ચિમમાં જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં સર્વત્ર તમારૂંજ રાજ્ય છે, અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળના જ્ઞાતા પણ તમેજ છો. પ્રભુ ચૌદે ભુવનની માલકી તમારેજ હાથ છે

તમે નિર્ધનને ધનવાન કરી શકો તેવા છો. તમે મુરખને વિદ્વાન કરી શકો તેવા છો. પ્રભુ તમે રાયને રંક અને રંકને રાય કરી શકો એવા સર્વ સમર્થ ધણી છો.

તમે જળને ઠેકાણે થળ અને થળને ઠેકાણે જળ કરી શકો એવા છો. તમે સંતોને, સહાય કરનારા, પાપીઓને શીક્ષા કરનારા, અને શરણાંગતની લજ્યા રાખનારા છો.

અમો આંધળાઓના તમે દોરનાર છો. અમો અજ્ઞાનીઓના તમે જ્ઞાની ગુરૂ છો. અમો નિરાધારના, તેમ સૌ ભક્તોના એક મોટા આનંદરૂપી સમુદ્રસમ આધાર છો.

જમાનાઓના જમાના થયા દુનિયાની સઘળી પ્રજાઓ તમારા ગુણુ ગાન કરે છે. અને તોપણ હે પ્રભુ! તમારી મોટાઇનો કોઈ પણ પાર પામ્યું નથી.

જેને આંગણે અમૃતની નદીઓ વહ્યા કરે છે, જેના બગીચામાં કલ્પ- વૃક્ષો શોભી રહ્યાં છે, ચિંતામણીથી જડીત સુશોભીત મહેલમાં જેનો વાસ છે, અને જેના ચરણુના, નખની શોભા કોટયાન કોટી સુર્યને લજ્જાયમાન કરે એવી છે, તથા મુકત પુરૂષોનું મોટું મંડળ જયજયકાર કરી જેની આરતી ઉતારી રહ્યુ છે, એવા અવર્ણનીય, અકલેશ્વર, સર્વેશ્વર અને દેવેશ્વર મહાન

પ્રભુને, અમારા હજારો લાખો વાર દંડવત પ્રણામ છે.

હે પ્રભુ! તમારા કયા કયા ગુણો સંભારીને અમે ગુણગાન કરીએ તે અમે જાણતા નથી.

જગતમાં વસનારાં, સ્ત્રી, પુરૂષો, તથા વૃદ્ધ અને બાલકો, અને રંકને રાજાઓ સૌ તમનેજ નમે છે. તેમજ આશ્રમો અને વર્ણના લોકો તથા દુનિયાની સઘળી દિશાઓમાં વસનારી મોટી પ્રજાઓપણ પોતપોતાના ધર્મ પ્રમાણે તમારૂંજ ભજન કર્યા કરે છે.

હે પ્રભુ ! તમો સર્વ શકિતમાન છો તેથી તમે ચહાય તે કરી શકો

તેવા છો. તમારાથી ન બની શકે એવું કાંઈ પણ નથી.

તમારા હુકમથીજ પૃથ્વિ અનાજ આપે છે, તમારા હુકમથીજ સુર્ય ચંદ્ર પોતાની ગતિમાં રહે છે, તમારા હુકમથીજ વરસાદ વરસે છે, તમારા હુકમથીજ વાયુ વાય છે, તમારા હુકમથીજ સમુદ્રમાં ભરતી ઓટ થાય છે, અને તમારા હુકમથીજ રૂતુઓ એક પછી એક આવે છે ને જાય છે.

હે નાથ ! તમારી ઇચ્છા વિના આસમાનથી પાણીનું એક ટીપું પણ નીચે પડતું નથી, તેમજ આ વિસ્તિર્ણ મોટા જગતના કોઈ પણ ખુણામાં

તમારી જાણ વીના કાંઇ પણ નાનો કે મોટો બનાંવ બનતો નથી.

હે પ્રભુ ! તમે પહાડોને કહ્યું કે એક જગ્યાએ પડયા રહો, તો તેઓ ત્યાંજ પડયા છે. પ્રભુ? તમે સુર્ય ચંદ્રને કહ્યું કે તમે આસમાનમાં રહીને ફર્યા કરો, તો તેઓ પણ એમજ કરે છે, અને પાણીના મોટા સમુદ્રને તમે જે હદ બાંધી આપી છે તેમાંજ તે રહે છે. આ પ્રમાણે તમારી સરજેલી સઘળી વસ્તુઓ તમારા હુકમને તાબે છે. અને તમારા આપેલા નિયમ પ્રમાણે વર્તેછેજ.

જળના જીવો! જળમાં વસી રહ્યા છે, પવનના જીવો પવનમાં ફર્યા કરે

છે, અને પૃથ્વિના પેટમાં વસીને પોતાનો ગુજારો કરે છે, આ બધું પ્રભુ? તમારૂં અગાધ ડહાપણ અને અદ્ભુત્ લીલાનું કાર્યછે. જેને નિરખીને સુજ્ઞ મનુષ્યો મોટા આશ્ચર્યમાં પડે છે.

હે પ્રભુ! કુતરાંને પોતાના ધણીને ઓળખવાની શકિત, ચકલાઓને પોતાના માળા બાંધવાની જુકિત, માખીઓને મધપુડો બનાવવાની અકકલ, અને કરોળીયાને ઝુલતા પુલો બાંધવાની ગોઠવણીના શીખવનાર પ્રભુ! તમેજ છો.

હે નાથ! તમે ચાહો તો ધરતીકંપ કરીને સૌનો નાશ કરી શકો, અને તમે ચાહો તો દુકાળો પાડીને, મરકીયો ફેલાવીને, લડાઇઓ કરાવીને

તથા મનુષ્યોની મતિયો ફેરવીને નાશ કરી શકો એવા છો, એટલુંજ નહિં પણ, પ્રભુ ! તમે જો ચાહો તો માંકણ, મચ્છર, તીડ, કે વાઘ વરૂઓનો વધારો કરી માણસોને લાચાર બનાવી પાયમાલ કરી શકો તેમ છો.

પણ તમે શાંતિદાતા, પ્રભુ ઘણાજ ક્ષમાવાન છો, તેથી તમે જાણો છો કે અમે મનવચન અને કર્મે કરીને અગણીત અપરાધો કર્યા છતાં પણ તમે અમોને નીભાવો છો એ કાંઇ તમારી થોડી દયા દ્રષ્ટિ નથી !

હે પ્રભુ ? તમે સૌના પાલનકર્તા છો, તેથી છેક નાનામાં નાની કીડી તે હાથી પર્યંત સૌનું તમેજ પુરૂં કરો

છો, અમારા જન્મની અગાઉ અમે શું ખાશું, તેની ગોઠવણ તમેજ કરી રાખી હતી. એટલુંજ નહીં પણ મહાસાગરમાં રહેનારા મોટા મગરમચ્છો જેને દરરોજ ખોરાકનો મોટો જથો જોઇએ છે, તે સૌનું પુરૂં કરનાર પાલન કર્તા પ્રભુ તમે પોતેજ છો.

હે પ્રભુ! શાસ્ત્રમાં તમને દયાના સાગર કહ્યા છે, પણ સાગરનો તો કોઇક ઠેકાણે પણ છેડો આવેછે, પણ તમારી દયાની તો સીમાજ નથી, માટે તમને અધમ ઉદ્ધારણ પાપમોચન, દીનજન પાલક, દયાના નાથ, અને ભકતવત્સલ ભગવાન કહ્યા છે.

હે કૃપાનાથ! તમે પવિત્ર છો.

તમારા નિયમો પણપવિત્ર છે. અને
આ જગતમાં વસનારા ભગ્ત, હરિજ-
નો, ને સંતો, સદાય પવિત્રતાથી રહે-
વા ચહાય છે, એટલુંજ નહીં પણ ત-
મારી પાસે વસનારા દેવતાઓ અધીક
અધીક પવિત્રતાથી વર્તે છે, અને તમે
પોતે તો સઘળા નિષ્કલંક એવી પરિ-
પુર્ણ પવિત્રતાથી સદા સર્વદા શોભી
રહ્યા છો.

હે પ્રભુ ! તમે ઇનસાફી છો,
તમો નાના મોટાઓને પોતપોતાના
પુન્ય તથા પાપનો બદલો આપો છો.

હે હરી ! તમારા રાજયમાં કો-
ઇપણ પાપી શિક્ષા પામ્યા શિવાય
રહેતો નથી, અને કોઇપણ પુન્યશાળી

પોતાના કર્મનું સારૂં ફળ મેળવ્યા વિના રહેતો નથી, કારણ કે તમે ન્યાયી પ્રભુ સૌને સૌના કર્મનો બદલો આપી રહ્યા છો.

હે પ્રભુ! જેઓ પોતાની નાત જાતમાં મોટા કહેવાવાને માટે, તથા ગામમાં નામ મેળવવા માટે, દાન કરે છે, જેઓ સાધુ ગણાવા માટે રાખ ચોળીને પેટ ભરે છે, તથા જેઓ ભ-ગત ગણાવા માટે મોટી મોટી માળાઓ પેહેરે છે, ને તીલકો કરે છે, પણ જેઓના અંતરમાં તમારો સાચો પ્રેમ નથી તે બધાને તમે બરાબર રીતે જાણો છો, જેમ ગીલ્ટ દીધેલો રૂપીઓ સરા-ફને ત્યાં પકડાઈ જાય છે અને બેંકમાં

કપાઇ જાય છે તેમ સૌ ઢાંગીયો, તમારી હુજુરમાં ઓળખાઇ જાયછે અને તમારા પવીત્ર ઇનસાફની વખતે સખત શીક્ષા પામે છે.

અમારી નાની કોર્ટોમાં, અને મોટી અદાલતોમાં બેસનાર ન્યાયાધિશોને, બહારના સાક્ષીયો ઉપર આધાર રાખીને ઈનસાફ દેવો પડે છે, પણ તમારે માટે તો શાસ્ત્રોમાં કહ્યું છે કે, સર્વત્ર તમારૂં મુખ છે, સર્વત્ર તમારા હાથ છે, સર્વત્ર તમારી આંખ છે, અને તમે સર્વને સર્વ રીતે જાણનારા છો, એટલે તમોને કોઇ પણ સાક્ષી પુરાવાની જરૂર પડતી નથી, પ્રભુ ! તમે સર્વ શકિતમાન, સર્વવ્યાપક અને સર્વજ્ઞ છો, એટલે સ

સ્ત્રીઓની જુબાની વિના પણ આપ અ-
દલ ઇન્સાફ કરી શકો છો. એવા સર્વ
ન્યાયાધીશોના ન્યાયાધિશ, કાળના પણ
કાળ, અને ભયના પણ ભય, જે આપ
છો, તેની પાસેથી નાશીને ગરીબ બાપ-
ડો પામર જીવ તે કયાં સંતાઇ શકશે?

હે સર્વ શક્તિમાન ! અદલ ઇ-
ન્સાફી, પરમકૃપાળુ પિતા? તમારે
માટે જેમણે ઉપવાસો કર્યા છે, તીર્થો
કર્યા છે, દાનો કર્યા છે, યજ્ઞ કર્યા છે;
તપ કર્યાં છે; ત્યાગ કર્યા છે, અને જંગ
લમાં જઈ તમારા ધ્યાનમાં તથા ત-
મારા જ્ઞાનમાંજ નિમગ્ન રહીને, જેમણે
પોતાના દહાડાઓ કહાડયા છે, તે સર્વ
સર્વત્ર જનોને તેઓનાં શુભ કર્મનો
તમે રૂડો બદલો દેવાના છો; માટે શા-

સ્થાનોમાં તમોને જીવો, મનુષ્યો, અને દે વોના, ઇનસાફ કરનાર, અદલ ઇન્સા- ફી, મહાન ન્યાયાધિશ, કહેલા છે.

ઘરમાં ઈન્સાફ કરનારા ઘરડાઓ, ગામમાં ચુકાદો કરતારા પટેલીયાઓ, પંચમાં નિમાયલા લવાદો, નાતમાં ઇન્સાફ કરનારા શેઠીયાઓ, અને અ- દાલતોમાં ઇન્સાફ કરનાર જડજો, એ, સૌનો અંતે ઈન્સાફ કરનાર પ્રભુ ત- મેજ છો.

હરી ! તમારી સુંદરતા અને શોભા અવર્ણનીય છે. જેને જેને તમારાં દર્શન થયાં તેને તેને હે નાથ ! તમારા વિના બીજું કાંઇ ગમ્યું નથી, તમારૂં જ્ઞાન અને તમારૂં દર્શન પામેલા પવિત્ર

ઋષિઓએ પોતાની આખી જીંદગી ત- મારા ધ્યાન અને તમારા ગુણ ગા નમાંજ ગાળી હતી, એટલુંજ નહિ પણ આ પ્રસંગે જેના જેના માથે તમારી કૃપા ઉતરે છે, તેઓ સદાય તમારામાંજ નિમગ્ન રહેતા જણાય છે.

હે પ્રભુ ! અમારા દેશમાંથી દુકાળ, દરદ, દરિદ્રતા, અને એવાં બીજાં જે જે પ્રકારનાં પ્રજાનાં સંકટો હોય તે સર્વ ઓછાં થાય એવું કરો અને તેની સાથે અમારી હોસ્પીટલોમાં પડેલાં માંદાંઓ સાજાં થાય, તુરંગમાં પડેલા કેદીઓને સુમતિ આવે, અને ઘરબાર વિનાનાં ભટકનારાં કે બાપડાં ગરીબોને જોઈતો આશ્રય મળે, એવી કૃપા કરો.

હે પ્રભુ ! જવાનોનાં દિલ ઉદાર થાય, ગરીબો પોતાની સ્થિતિમાં સંતોષી બની રહે. સ્ત્રીઓ પોતાનો પતિવૃતાનો ધર્મ પાળે, છોકરાઓ પોતાના માબાપના તાબેદાર થઇ રહે, અને જગતમાં સૌ નાના મોટાઓ પોતાના દુર્ગુણો હોય તે મુકી સદાય સદગુણી થવાની તજવીજ માં રહે, તથા અમારાં તળાવો પાણીથી ભરપુર ભરેલાં રહે, અમારાં ખેતરોમાં ઝાઝાં ઝાઝાં અનાજો થાય, અને સમસ્ત પ્રજા ધન ધાન્યથી સુખી થઇ આનંદમાં વર્તે એવી કૃપા કરો.

હે જગતના ધણી ! આ જગતમાં સર્વે તમારૂં મંગળ ગુણ ગાન કરતા રહે તથા જ્યાં, ત્યાં, તમારા નામનો

જયજયકાર બોલાઇ રહે એવું કરો, એવું થવા માટે અમે સર્વ હાથ જોડીને દીનતાપુર્વક સ્તુતિ કરીએ છીએ.

ભક્તિમાર્ગ તથા જ્ઞાનમાર્ગ આચરવા માટે કર્મયોગ થોડો ઘણો પણ આચરવો અવશ્ય છે. અનેક યોનીઓના જન્મમરણાદીક કલેશ ભોગવીને ધર્મ—અર્થ—કામ—અને મોક્ષ—સાધન માટે યોગ્ય એવો આ (મનુષ્યદેહ) આપણને પ્રાપ્ત થયો છતાં તેનું સાર્થક નહિ કરી લેવું એ આપણે પોતે થઇને આપણો પોતાનો ખજાનો લુંટાવી દેવા જેવું છે, તો એમ નહિ થવા દેતાં પ્રત્યેક મનુષ્યે પોતપોતાના પૂર્વાર્જીતથી પ્રાપ્તથએલા વર્ણાશ્રમને ઉચ્ચીત એવાં ક-

ર્માચરણ કરીને અનન્ય ભાવે ઈશ્વર ચર્ણે અર્પણ કરવાં જોઇએ. એ રીતે પ્રથમ કર્માચર્ણના અભ્યાસથી આનંદદાયક ભકિત માર્ગ આચરવો. ને તે પછી મનને વિરકતતા પ્રાપ્ત થવા માટે જ્ઞાન—માર્ગ ભકિતસહ સ્વીકારવો. કર્માચર્ણના અભ્યાસ માટે પોતપોતાના કુળ ધર્મને, અનુસાર સદાચર્ણનું સેવન કરવું, ને જે મનુષ્ય જે માતપિતાને ઉદરે જન્મેલ છે તે માતાપીતા પરા પૂર્વથી જે ધર્મ પાળતા આવેલ છે તેજ પોતાનો સ્વધર્મ એમ માનીને તે ધર્મ પાળવો. પરધર્મ અંગીકાર કરવો નહિં. કેમકે તે ભયભરેલો છે ને સ્વધર્મ કલ્યાણકારક છે.

અંતઃકરણમાં ભગવદ્ ભકિતનો અંકુર ઉત્પન્ન થવાને માટે પ્રથમ માતા પીતાની અને સદ્ગુરૂની સેવા કરવી. તેમની કૃપા તથા આશીર્વાદ અને અનુગ્રહ.હસ્તગત કરવો, જે કર્યાથી સંતસમાગમની ઇચ્છા, ભુતાનુકંપા,-શૌચ્ય (પવીત્રતા અંતર અને બહારની બંન્ને) મૌન-આર્જવ-બ્રહ્મચર્ય-અહિંસા- સમભાવ-વીરકતતા -ઉપર પ્રીતી-શાસ્ત્રો ઉપર પૂર્ણ શ્રદ્ધા-સંતોષ, ભગવદ્ગુણ શ્રવણ કરવાનીઉત્કંઠતા-આટલાં વાનાં પ્રાપ્ત થાય છે જેથી ભગવત ઉપર પૂર્ણ પ્રેમ સ્થાપન થઇ ભકતપણું પ્રાપ્ત થાય છે.

જે જે ઠેકાણે ભકતમંડળી ભરાય છે, તે તે ઠેકાણે પૂર્ણ પરમાત્મા પોતે રામ, કૃષ્ણ, માતા, માહાદેવ, હરીહર,

નૃસિંહ, ગણુપતી, વીગેરે અનેકરૂપે આવી હાજર થઇ, પોતાના ભકતજનોના મનોર્થ પૂર્ણ કરે છે અને ભકતોના અંતઃકરણમાં પ્રેમભકિત સજજડ થાયછે જેના યોગેકરીને સંસારના સર્વપદાર્થોમાં દોષદર્શનથઈ ભકત એકાગ્રતાને પ્રાપ્તથાય છે. આવા ભગવાનની ભકિતરૂપ અમૃતનું, શ્રી શુકાચાર્ય, યાજ્ઞવલકય, અષ્ટાવક્ર, જનક વીદેહી વીગેરે માહા જ્ઞાનીઓએ પણ સેવન કરેલ છે.

શ્રવણ, કીર્તન, સ્મરણ, ભજન, પુજન, અભીવંદન, દાસ્ય, સખ્ય, અને આત્મનીવેદન, એવી નૌધા ભકિતનું અવલંબન કરીનેજ પરિક્ષીત, વ્યાસ, પ્રલ્હાદ, નારદ, હનુમંત, સરખા એમણે જ્ઞાન અને ધ્યાન માર્ગથી મોક્ષ પ્રાપ્ત કરેલ છે, એવી ભકિતનો આ

શ્રય કરીને જે જ્ઞાનમાર્ગનું આચરણ કરે છે તેજ પૂર્ણ જ્ઞાની ગણવા. માટે પૂર્ણ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ સારૂ પ્રથમ કર્મ, ઉપાસના, અને ભકિતયોગના આશ્રયની અવશ્યકતા છે, એ ત્રણે યોગના આશ્રય સહુ જ્ઞાનયોગ આચરવો ને તે પછી એ ચારે યોગના આશ્રયના આધારે કામનીરમુકત થઈ ધ્યાનયોગ ધારણ કરવો એ અતિ ઉત્તમ અધિકાર બ્રહ્મસાક્ષાતકારના સ્વાનુભવ માટે સીદ્ધ છે.

સ્વાનુભવ શીવાય ફકત શુષ્ક જ્ઞાનનો ઉપયોગ નથી. શુષ્ક જ્ઞાન સર્વને કહેતાં આવડે છે પરંતુ સ્વતાંહાં પોતાની વૃતી બ્રહ્માકાર થયા શીવાય સર્વ

નિષ્ફળ છે, માટે સપ્રેમ, ભક્તિસહ, સ્વાનંદાનુભવ-એનું નામજ જ્ઞાન સં-પુર્ણ. પોતાના વર્ણાશ્રમને યોગ્ય એવાં ઉચ્ચીત કર્માચરણ અને ભક્તિ આચરવામાં જે અનાદર કરેછે. તેમને બ્રહ્મ પ્રાપ્તીનો લાભ અપુરતો રહે છે અને ભક્તિનો, કેવળ, અનાદર, એતો બ્રહ્મ પ્રાપ્તીમાં અક્ષેપ કારકજ છે. સા રાંશ મુમુક્ષુ જનોએ પ્રથમ ચીત્તની શુ દ્ધી અર્થે કર્મ માર્ગ યથા વિધી આચ રવો જોઇએ કારણ ચીત્ત શુદ્ધી શીવાય બ્રહ્મ પ્રાપ્તીનાં સાધન મુખ્ય શમ દમાદી-ષડસંપતી-એ વીગરે સાધનો સાધ્ય થઇ શકવામાં અક્ષેપ આવે છે. આ ઠેકાણે કેટલાએકની એવી શંકા ઉઠે છે કે કર્મ,-કર્મ, જે તમો કહો છો

ને તો અમોએ જન્માંતરમાંજ કરી મુકેલાં છે, તો, તે ચીતશુદ્ધી અને ભગવદ્ ભકિત હવે અમારે આ જન્મમાં કરવાની શી અવશ્યકતા છે? આત્મા તો અવિનાશી--અકર્તા-અને અભોકતા, એવો છે. જગત મીથ્યા છે, અને પરમપદને પમાડનાર તો કેવળ જ્ઞાન માર્ગ એજ સેહલો છે. તત્વમસી,-બ્રહ્માસ્મી, એવા એવા મહા વાકયોનું રહસ્ય, જેમને પૂર્ણપણે સમજાયું છે એવલોકોને ઇશ્વર આરાધન અને જડ એવી કાષ્ટમય કીંવા પાષાણમય, એવી મૂર્તીનું પુંજન શા માટે કરવું? એના પ્રત્યુતરમાં એજ કે પ્રતિમાપુજન અને ઇશ્વર આરાધન જે અમે કરીએ છીએ તે મૂર્તીને પાષાણમય સમજતા

નથી, ગમે તે મૂર્તીનું પૂજન-અર્ચન-જે કરવામાં આવે છે તેમાં શુદ્ધ ચૈતનનો ભાવ સ્થાપીને તે સર્વ પૂજન અર્ચન પરમેશ્વર ભાવેજ કરવામાં આવે છે. કારણ યથાવિધીએ સ્થાપન કરેલી મૂર્તીનું પુજન ઇશ્વર બૂદ્ધીથી કરવામાં આવતી વખત તે મૂર્તી બ્રહ્મભાવ શીવાય તે પાષાણમય અથવા કાષ્ટમય છે એવી પૂજકના મનમાં કલ્પના પણ હોતી નથી. ખરો પૂજક શુદ્ધ અંતઃકરણથી સર્વવ્યાપક ચૈતન્યનો મૂર્તીમાં આરોપ કરીને માત્ર ષડગુણઐશ્વર્ય સંપન્ન એવો, શુદ્ધ બ્રહ્મનો, આવીભાર્વ-સાકાર-સગુણરૂપમાં ઓળખી, આનંદ અનુભવે છે. જેના અત્યાનુભવથી બ્રહ્મ-સાક્ષાતકારની ઉપલબ્ધી-હસ્તગત થઇ

શુદ્ધ-સાત્વિક-નીર્ગુણ બ્રહ્મમાં મનનું મન ભાગી વૃતી લીન થાય છે. એકંદરમાં અધિકાર પરત્વે કોટીઓના ક્રમે સંપૂર્ણ જ્ઞાન સંપાદન અર્થે કર્મયોગ અને ભકિતયોગના આશ્રયની અપેક્ષા છે તેમના આશ્રયના આધારે જ્ઞાનયોગ સીદ્ધ થાય, જે સીદ્ધ થએથી જ્યારે આવરણ દૂર થઈને શુદ્ધ ચૈતન્યમાં વૃતી સ્થાપન થશે ત્યારે એ આધારો પણ સહેજ તેમની મેળેજ તેમાં સમીલન થવાના છે, માટે તે સીધ્ય કરવા સારૂ પ્રથમ કર્મ, ઉપાસના, અને ભકિત માર્ગ આચરવો ને તે પછી શ્રીમદ્ ભગવદ્ ગીતામાં બતાવ્યા પ્રમાણેની એકાંતીક ભકિત આચરવી જે ભકિત ઇશ્વર કૃપા આપનારી છે.

ભગતીમાર્ગ પ્રયોગ.

જ્ઞાનમાર્ગ ભગતીસહું ગ્રહણ કરવો આત્મ સુખ પ્રાપ્તીના બે રાજમાર્ગ કહેલા છે તેમાં પહેલો જ્ઞાનમાર્ગ છે પણ તે વીરકત અને કામ નિરમુકત જનોને સીદ્ધ થવા જેવો છે, જે, જનો સંસારમાં ગુંથાએલા ગૃહસ્થો છે તેમને તે માર્ગ સેહેલ નથી માટે પ્રથમ કર્મ, ઉપાસના, પછી ભકિતમાર્ગ અને તદ-નંતર જ્ઞાનમાર્ગ આચરવો જોઇએ માટે જ્ઞાનયોગની સીદ્ધી અર્થે જે જનો ભગવત ઉપસનાનો આશ્રય કરે છે તેમનો મનોજય થઇને આત્મ પ્રાપ્તી પણ નીરવીઘ્ને પ્રાપ્ત થાય છે પરંતુ

જે જનો ભગવાન સચ્ચિદાનંદ પર-
મેશ્વરને ન ઓળખતાં કેવળ સ્વસા-
મર્થ્યથીજ જ્ઞાન પ્રાપ્ત કરી લેવાનાં
પ્રયત્ન કરે છે તે પતીતારૂડ થવા
સંભવ છે માટે જ્ઞાન પ્રાપ્તી અર્થે જે
પ્રયત્ન કરવાં તે ભકિતના આશ્રય સહુ
કરવાં જોઇએ, ભકિતવાન પુરૂષ જે જે
સ્વરૂપની આરાધના કરે છે તે તે
સ્વરૂપ ધારણ કરીને પરમાત્માને તેમ-
ની મન કામના પૂરી કરવી પડે છે
એવો ઈશ્વરી નીયમ હોવાનું દેખાય છે.

માયા જે પ્રસરેલી છે તેની મુખ્ય
બે શકતીઓ છે એક અવિદ્યા અને
બીજી વીદ્યા પહેલી જેઅવિદ્યાશકિત
કહી તેના યોગે પ્રાણી માત્ર બંધન
પામેલા હોય છે અને બીજી જે વીદ્યા

શકિત કહી તે તો સ્વાત્મજ્ઞાન પ્રાપ્ત કરાવીને જીવોને બંધનમાંથી છૂટા કરે છે માટે એ જે માયા જેની છે તે સર્વનીયંતા સર્વાન્તરયામી ભગવંતની આપણે આરાધના કરવી જોઇએ. ને શ્રીમદ ભગવદ ગીતામાં કહેલી એકાંતી ભગતી કરવી જોઇએ જે ભગતીથી ભગવાન પ્રસન્ન થઇ પોતાની કૃપા વડે જ્ઞાન આપે છે. એમ એ ભગતી મોક્ષ મેળવનાર છે. જેના પ્રેમપુર્વક આશ્રયના આધારે જ્ઞાન સંપાદન કરી તેના આશ્રયસહ ધ્યાનયોગ આચરવો જોઇએ. ભગવાને અર્જુનને કહ્યું છે કે–

" હે અર્જુન ! સર્વ ધર્મનો પરિત્યાગ કરીને એક, હું, પરમેશ્વર રૂપ શરણને પ્રાપ્ત થા. હું, પરમેશ્વર, તને

સર્વ પાપથી મુકત કરીશ, તું શોક કરીશ માં." એનો સ્પષ્ટ ભાવ એ છે કે શ્રુતિ સ્મૃતિ ઉકત જે વર્ણાશ્રમ ધર્મ છે અર્થાર્થ, બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્યાદિ વર્ણ તથા આશ્રમ, જે,બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, તથા સંન્યાસ એ ઉભયના ધર્મ જેવા કે વર્ણ ધર્મ, તથા આશ્રમધર્મ તથા સામાન્યધર્મનો ત્યાગ કરીને, આ સ્થળે સર્વ ધર્મના ત્યાગમાં કાંઇ સર્વ ધર્મથી રહીત થવું તેમ નથી તેમજ સૌએ સર્વ ધર્મ કર્મના ત્યાગ પુર્વક સંન્યાસ કે ત્યાગ લેવો એમ નથી પણ પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ હોય તેના વિશેષ અભીમાનનો ત્યાગ કરવો અર્થાત અમુક પ્રકારનાં આચરણ કે અમુક પ્રકારની નીતી પાળવી

એજ મારો ધર્મ, છે અને એ ધર્મજ માત્ર મારૂં કલ્યાણ કરનાર છે એવો આગ્રહ તજવો કારણ કે ક્રીયામાં જીવ કેવળ સ્વતંત્ર નથી તેથી આ સર્વ ધર્મ, કર્મ ને, યથાશક્તિ સેવતાં છતાં વિ-શેષતઃ૯૯ નિશ્ચય એવો કરવો કે આ સમગ્ર ધર્મ કર્મના ફલને આપનાર જે કર્મફલપ્રદાતા ઇશ્વર છે તે સર્વ ધર્મ કર્મના અધિષ્ટાન રૂપ છે અને તે ઇશ્વરજ મારૂં શરણ છે, આનું તાત્પર્ય એ છે કે શ્રુતિ સ્મૃતિ ઉક્ત સર્વ ધર્મનું યથા-વત પાલન મારાથી થાય અથવા ન થાય તો તેનો ભય નથી કારણ કે એ ધર્મ ઇશ્વરને ફલ આપવામાં અ-પેક્ષાવાળા છે અને ઇશ્વર ધર્મ કર્માનુ-સાર ફલ આપનાર છતાં અનુગ્રહ વડે

નીરપેક્ષ ફલ આપનાર હોવાથી સ્વ-
તંત્ર છે જેથી તે ઇશ્વરના અનુગ્રહ
વડેજ, હું, કૃતાર્થ થઇશ એવો નિશ્ચય
ધારણ કરવો, આ પ્રકારના નિશ્ચયથી
તે ધર્મ કર્મમાં અતિ આદર ન રહે
અને નીરંતર ધર્મ કર્મના અધીષ્ઠાન
રૂપ ઇશ્વર વિષેજ દૃઢ ભાવના થાય,
આનું તાત્પર્ય એ છે જે બહીર્મુખ
ધર્મ કર્મની અધીકતાથી આપણી વૃતિ
બહીર્મુખ થાય અને તેથી નીરંતર
વિષયાકાર રહેતી વૃતિ સત્ય ઇષ્ટાનુ
સંધાનની યોગ્યતવાળી થતી નથી જેથી
પરમાત્મ સ્વરૂપ ઈશ્વરજ પર્મ તત્વ
રૂપ છે એવા શુદ્ધ વિચારદ્વારા કરેલા
દૃઢ નિશ્ચયથી પ્રકટતા ઉત્કૃષ્ટ પ્રેમ વડે
ક્રમે કરીને અર્થાર્થ ધીમે ધીમે અધીક

અનાત્મ ચીંતનથી મુકત થતી વૃત્તિને તેલની ધાંર પ્રમાણે સતત્ પરમાત્માના સ્વરૂપ ચિંતનમાં જોડવી. આટલું કહેવાથી એ નિશ્ચય નિકળે છે કે અન્ય ધર્મ કર્મનો જે અમર્યાદ આદર છે તેનો ત્યાગ કરવો ઉચીત જણાય છે, વિશેષમાં સર્વશાસ્ત્રનું પર્મ રહસ્ય આ ઈશ્વર શરણુતાજ છે. કારણ કે ઈશ્વર શરણુતા વીના કોઇ પણ ધર્મ કર્મનો પોતાના ફળમાં પર્યાવસાન થતો નથી આ, છેવટનું વચન અર્જુન પ્રત્યે કહેવામાં એટલું તાત્પર્ય છે કે બીજાં પ્રાયશ્ચિત કર્મ વિનાજ "હું તને આ વ્યામોહ કરનાર અનેક પાપોથી કેવળ ઇશ્વર શરણુતા માત્રથી મુકત કરીશ. કારણ કે" સર્વ ધર્મ રૂપ, આ

હું, ઇશ્વરનું, વચનજ, પાપ મુકત ક-
રનાર છે. અર્થાત્ સર્વ કર્મ ફલ પ્રદાતા
ઇશ્વરનું શરણજ સર્વ ધર્મ કર્મનું મુળ
છે. આ ઠેકાણે હવે ઇશ્વર શરણનું જે
વિધાન છે તેનો સ્પષ્ટ ભાવ આ છે કે
ઇશ્વર શરણ ત્રણ પ્રકારનું છે. જ્યારે
સાધનોનો અભ્યાસ દૃઢ થાય છે એટલે
સાધન દશાનો વિપાક થાય છે ત્યારે
પ્રાપ્ત વિવેક પુરૂષને આ ત્રણ પ્રકારના
ક્રમથી અથવા ક્રમાવીના ઇશ્વર શર-
ણતા પ્રાપ્ત થાય છે.

૧ તે પરમેશ્વરનોજ, હું, છું, ૨ એ
પરમેશ્વર મારાજ છે ૩ તે પરમેશ્વર
હુંજ છું. જેમ સમુદ્રને તરંગનો
ભેદ નથી તો પણ સમુદ્રના તરંગ
કહેવાય છે, કાંઇ તરંગનો સમુદ્ર કહો

વાતો નથી તેમ હે ઈશ્વર તમારો મારો વસ્તુતઃ ભેદ નથી તોપણ હુ તમારાથીજ નથી, માટે તમે મારા છો. એ મનના આભાવથી શરણ, તે પ્રથમ શરણ છે એને મૃદુશરણ કહે છે. ૨ મધ્યમ શરણ ગણાય છે તેના સ્વરૂપાનું એક પ્રકારનું વચન દૃષ્ટાન્તમાં છે કે હે ભગવાન ! "બળવડે મારા હસ્તને છોડીને તમે જાઓ તેથી કાંઇ તમારૂં મોટું અદ્ભુત પુરૂષાર્થ ગણાશે નહિ પણ જ્યારે તમે મારા હૃદય માંથી નિકળી જાઓ ત્યારે હું તમારો મોટો પુરૂષાર્થ માનું." અર્થાર્થ મારા હૃદયમાંથી તમારાથી કદાપી પણ નિકળી જવાવાનું નથી. એવો દૃઢ નિશ્ચય, જે, "ઈશ્વર મારા છે" એવા

દૃઢ ભાવને સૂચવનાર છે તે મધ્યમ શરણુ છે. ૩ જે અતિ માત્ર ઈશ્વર શરણ કહેવાય છે તે એ છે કે "આ સ્થાવર જંગમ રૂપ સર્વ જગત્ તથા હું, વાસુદેવ રૂપજ છીએ, તે પર્મ પુરૂષ પરમેશ્વર એક અદ્વિતીય રૂપજ છે. આ પ્રકારની અચળમતિ જે પુરૂષો-ની હૃદયસ્થ પરમાત્મામાં હોય છે એ વૃતીને ઉત્તમ શરણ માનેલું છે. સર્વ-નું તાત્પર્ય એજ નીકળે છે કે પોતાનાં ધર્મ કર્મ યથાશકિત કરવાં, પણ ખરો આદર તો ઈશ્વર શરણનો રાખવો, જે શરણુ અભ્યાસ બળથી દૃઢ થઇને અ-નુગ્રહને પ્રાપ્ત કરાવે છે. માટે અન્ય ક્રિયા ઓછી વધતી થાય તો ચિંતા ન કરતાં હરતાં ફરતાં વૃત્તિને ઇષ્ટનું

સંધાનવાળી રાખવી.

હે ભરતવંશી અર્જુન !—"આ પ્રમાણે સર્વ જીવો ઇશ્વરને આધિન છે માટે તું અહંકારનો ત્યાગ કરીને સર્વાત્મભાવે તેજ ઇશ્વરને શરણે રહેજે કારણ કે તેનીજ કૃપાથી ઉત્તમ શાંતિને તથા પરમેશ્વરના નિત્ય પદને પ્રાપ્ત થઇશ.'

"તું, મારામાં મન રાખ, મારોજ ભકત થા, મારૂંજ યજન કર, તથા મને નમસ્કાર કર. આ પ્રમાણે વર્તવાથી મારા પ્રસાદવડે જ્ઞાન મેળવીને મનેજ એટલે બ્રહ્મને પામીશ તેમાં તારે સંદેહ કરવો નહિ- તું મને પ્રિય છે માટે હું તારી આગળ આ રહસ્ય કહું છું."

"પરમેશ્વરની ભકતીથીજ. સર્વ વસ્તુની પ્રાપ્તી થશે આવા દૃઢ વિશ્વાસ વડે વાધીનું દાસત્વ છોડી એક મારેજ શરણે આવ. શોક કરમાં. હું એક મારેજ આશ્રય કરનારને સર્વ પાપમાંથી મુકત કરીશ ને મોક્ષપદને પમાડીશ." એ વચનો અંગીકાર કરી એકાંતમાં અનન્યભાવે ભગવદ ભગતી કરવી એ ઉત્તમ અધીકાર છે. એ ભગતી નવ પ્રકારે થાય છે. તેમાં પ્રેમનો પ્રભાવ મુખ્ય છે અને પ્રતીમાપુજન એ પણ એક ભાગ છે.

કોઇ વખતે કેટલાકના મુખમાંથી એવાં વચન પણ સાંભળવામાં આવે છે કે મુર્તી પુજા વેદાંત વીરૂદ્ધ છે પરંતુ એ વચન અપ્રમાણ જણાયછે કારણ તેમાં

ઇશ્વર આધીષ્ટાનરૂપે રહેલછે ઘણી બારી
કાઇથી શોધકરીને જોઇએ તો જણાશે કે
પ્રાચીનકાલથીજ પૃથ્વિ ઉપરના સર્વ દેશો
માં મુર્તીપુજક લોક હતા ને જૈનસંપ્રદાય
ના, છેલા તિર્થંકર માહાવીર સ્વામીનાં શિ
ષ્ય જે પ્રથમ ગણધર ગણાયછે તે, આદિ
પુરૂષ ગોતમસ્વામી આપણા દેશમાં ગોત
મ ગોત્રમાંના વૈદીક ધર્મીય માતા પીતા
ના પેટે સુણ જન્મેલા જણાયછે.તેતો પ્રતી
માને મુખ્ય માનેછે, તેમ, વલ્લભી સંપ્રદાય
માં પણ પ્રતીમાપુજનની પ્રતીષ્ઠા છે. શ્રીકૃ
ષ્ણ એ મનુષ્ય નસ્તાં કેવળ ભકતકાર્યાર્થેજ
મનુષ્યશરીર ધારણ કરીને સર્વશકિતમાન
અને સર્વ ફળપ્રદાતા જે ઇશ્વર તેજ આજ
ગતમાં મુર્તીમાન પ્રગટ થયા હતા.તમણે
પોતાનુ અંગ એટલુ મોટુ ફુલાવ્યુ હતુ કે
કાલીયા સર્પના અંગમાંથી સર્પ વિગલીત

થઇનેતે મુર્છીત પડયો. તેવખતેતેની સ્ત્રી-
યોની પ્રાર્થના સાંભળીને, શ્રીકૃષ્ણને દયા
આવી. અને લોકોએ શ્રીકૃષ્ણની વધુ પ્રા-
ર્થના કરી કે હે [illegible] શક્તીમાન પરમેશ્વર
[illegible] નું રક્ષણ કરીને અ-
[illegible] આપ તે તેમની વીનતી
સાંભળીને શ્રીકૃષ્ણને ઘણીદયા આવી. ને
કાલીયાને જીવતદાન આપ્યું એ
દાખલાથી જણાશે કે પ્રાર્થનાથી પણ
પ્રભુ રીઝે છે તેમ રીઝીને શ્રીકૃષ્ણે તેને
આજ્ઞા કરી કે "તું અમરકદ્વીપમાં જા
યાં ગરૂડ આવી શકશે નહીં કારણ
ત્યાં ઘણા ઋષિયો રહે છે તેમનો ગ-
રૂડને શાપ છે તેથી તે ત્યાં આવી
શકશે નહીં. ત્યાં એટલે અમરકદ્વીપ-
મા ઘણા ઋષિયો રહે છે." પછી કા-

વાયો સર્પ શ્રી કૃષ્ણને વંદન કરીને જમનાં નદીમાંથી નીકળી અમરક દ્વીપમાં પશ્ચીમ બાજુએ એક અખાતમાં પોતાનું રેહાણ કરીને રહ્યો. તે કાળીયાના નામ ઉપરથી તે અખાતને કાલીફોર્નીયા' કહે છે. એમ લાગે છે તથા અમરક આ શબ્દોનો અપભ્રંશ થઇને તેને હાલ અમેરીકા કહે છે એમ લાગે છે, એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે મુર્તિ પુજા અને પ્રાર્થના એ પણ પ્રાચીન કાળથીજ છે.

ગોકુળની ગોપીયોનો ઇશ્વર ઉપર એટલો બધો પ્રેમ હતો કે તેમની ચીત્ત વૃત્તિયો કૃષ્ણરૂપ થઇ ગઇ હતી તેમને કામ ધંધામાં વારંવાર કૃષ્ણ

દેખાતા હતા, દળતાં, લીપતાં, ગાયો દોહતાં, વારંવાર તેમનાં મન કૃષ્ણરૂપ થતાં હતાં, સ્વપ્નામાં મનુષ્ય બીજાની સાથે બોલે છે, હસે છે, તે પ્રમાણે તે ગોપાંગ્નો જાગ્રતીમાં બોલતી અને હસતી તેમને એક કૃષ્ણજ વારંવાર દ્રષ્ટીએ પડતા. આ પ્રમાણે થવું એ અતિ અભ્યાસનું ફલ છે. એવી મનની સ્થીતીઓ, અતિ પ્રીતિથી, થાય છે. ગોપીયોને અતિ પ્રીતિને લીધે સઘળા કામ ધંધામાં જ્યાં, ત્યાં, શ્રીકૃષ્ણ દેખાતા હતા તથા હનુમંતને જળે, સ્થળે, અને પાષાણોમાંપણ શ્રીરામદેખાતાહતાએબધો પ્રેમનોપ્રભાવછે. જેપ્રભુને બહુપ્રીય છે. ભગવાનભાવના ભુખ્યા છે. માટે લગનીમાં પ્રેમ ભાવ એ મુખ્યછે.

એટલા માટે મનુષ્યોએ બીજી સંસાર-
માંની કોઇ પણ બાબત ઉપર પોતાના
સુખ દુઃખ માટે અતી અવલંબીને રહે
વું નહીં અગર તેનો ભરોસો કરવો
નહીં સદા શાંત વૃતિથી રહીને ઈશ્વ-
રની નીર્મળ અંતઃકરણથી સેવા કરવી
જ્યાં સુધી આ શરીર નિરોગીછે, જ્યાં
સુધીમાં વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ નથી
ઇંદ્રિયોની શકતી કમી થઇ નથી તથ
આયુષ્ય પુરૂં થયું નથી ત્યાં સુધીમાં
મનુષ્ય પોતાના જન્મનું સાર્થક કે જે
ભગતીજ છે તે પુરા પ્રેમે અને અ-
ન્ય ભાવે આદરીને પુરી કરવી એમાં
અંતે આરામ અને સર્વ સુખનો સ-
માસ છે.

દોહરો.

જન્મ, મળ્યો મનુ દેહનો, કર ભગતી શુભ કામ
દેવું છુટશે દેહનું, અંતે મળે આરામ.
ચાંપલ થઇ ચુકીશ નહીં, કર ભગતી અભ્યાસ;
કરતાં, જમ આવે નહી, રહે પ્રભુજી પાસ.
ફરી જમાની જનનતાં, ધર્મરાજની સાથ;
સમજી લેજે સાનમાં, કહુ જોડી બે હાથ.
ફરી ફરમુસત પાળજે, ભજન કરીલે આંહી;
આ આવસર છે આપનો, અન્ય જન્મમાં નાહી.
પલક તણો ભય રાખજે. કહ્યા વીના જે જાય;
પ્રભુ ભગતી જો આદરે, તો સૌથી સુખીયો થાય.
સાચું સૌથી એજ છે, ભજન, ધર્મ, ઉપકાર;
સમજી લેજે સાનમાં. સમર જગત કીરતાર.
કામ ધંધાની ધુન્યમાં, ભુલી જઇ ભગવાન;
વાત વીસારી વાગતની, કેમ બને હેવાન ?
ચતુર નર, તું, ચેતજે, ધરજે વીનતી કાન;
કામ ધંધાની સાથમાં, પ્રેમે ભજ ભગવાન.
છોટાને, મોટા વળી, બઇરાં, બાળક, સૌ;
પ્રભુ ભગતી લ્યો આદરી, કરજોડીને કહું.

ભગવદ ભગતી અથવા પ્રભુપ્રાર્થના, (૩૨ પેજી) પુસ્તકનું.

સુચનાપત્ર.

પ્રીયમીત્રો, આ બે ફરમાની નાની બુક છે, પુઠું પાતળું છે. ને કીમત ચાર આના મુકી છે. તે, ઉપરથી, જોતાં કીમત જરા જાદે જણાય છે પણ અંદરનો વીષય એથી અતી અધીક મુલનો છે. જે ભગતીમાર્ગનો છે. અને સર્વ કોમને સારો પ્રિય છે. એ ભગતીભાવનો અને વેદાંતનો વધારે ફેલાવો થવા અને લોકને અધીક અનુકુળ આવવા સારૂ આ પુસ્તક આપવાની નીચે પ્રમાણે ગોઠવણ કરી છેઃ-દશ કોપી, સાથે રાખવનારને એક કોપી, ઉપર ભેટની મળશે. એ પ્રમાણે સો કોપી સામટી રાખનારને પોણાચાર આને પડશે. અને પાંચસો કોપી પુરી રાખનારને સાડાત્રણ

આને મળશે. અને નિશાળોમાં વિદ્યાર્થીઓને ઇનામ વીગરે આપવા માટે એકદમ એકઠી એક હજાર લેનારને ત્રણ આને આપવામાં આવશે. તથા ધર્માદાય વીગરે વેંચવા માટે એક હજાર ઉપરાંત જાદે કોપીઓ એકઠી ઉઠાવનારને અઢી આને આપવામાં આવશે.

હાલમાં પુસ્તકોનો એટલો બધો પ્રસાર પસરી ગયો છે કે કંઇ સુમાર નહી, પૈકી કેટલાક, કાંદબરી, કલ્પના, નાટક, નોવેલ, કળા, કૌશલ્ય, હુન્નર ઉદ્યોગનાં, અને વખારેમાં વેદાંતનાં છે. અને વેદાંત વિષય તો એવો વધ્યો છે કે પેહેલાંના કરતાં પણ આગળ ઉત્તમ રીતે ફુગી નીકળશે એમ આશા રાખ. વામાં આવેછે. અને એમ થાય તો આપણ આર્ય ભાઇયોને અધીક લાભ છે. કેમકે તે આપણો રીતથીજ સનાતન સદ્ધર્મ છે. પરંતુ તે તેના અષ્ટાંગસહ ગાહ્ય થાય તો સૌથી સારૂ એમ ધારી સ્વાનુભવ સારૂ અને

મનનાર્થે માટે એક અલ્પ પ્રયત્ન એવું આદરેલછે કે એક પુસ્તકમાં કર્મ, ઉપાસના, ભગતી, જ્ઞાન, વૈરાગ,ધ્યાનધારણા તથા સમાધી આ આઠે અંગના વિષયોનો સમાસ કરી, 'વેદાંત વીધીનુ' એક બીજુ પુસ્તક પ્રસીદ્ધ કરવું, જે ગુજરાતી લીપીમાં લખાઇને તયાર થયુછે, પરંતુ તે છપાવી શકવા, સારૂ, સાધન થયુ નથી જેથી અવકાશ આવેલ છે. વિદ્યા વાલાશી સજ્જનો તરફ તેની અર્પણ પત્રીપ અથવા આશ્રયો માટે ઉદયોગ આદરેલ છે. તે જો સારી રીતે સાધ્ય થશે તો તેના સારા જથાબંધ કોપીઓ કઢાડવામાં આવશે. હાલ, આ નાના, પુસ્તકના ઉપજતા, ઉત્પન્નમાંથી પોતાના પદરના ખરચે ૫૦૦) કોપીઓ કાહાડવા કોશેશ કરીછે. એ આશરે અગીયાર ફરમાના સુમાર જેવડુ મોટુ પુસ્તક થશે અને એમાં વીષયો ઉપર બતાવ્યા પ્રમાણેના આવશે.

અને તે સાથે સમરી સબસ્ટન્સ અંગ્રેજી

માં પણ આપવા ઇરાદો છે. એ પુસ્તક બનતાં સુધી આ વરસની અંદર બાહાર પડે એવી ઊમેદ છે. જે હાંસલ થવા માટે આ ભગતી ભાગ પ્રથમ પ્રસીદ્ધ કરી પ્રેમી લોકોની પસંદગી માટે નમુનો નમુદ કરી આગળ આપ્યો છે. એ અલ્લાયદા પુસ્તકની કીમત સવારૂપી એો રાખવામાં આવશે અને તે તૈયાર થયે લેવામાં આવશે પરંતુ પ્રથમ આના આશ્રય તરીકે આ નાનકડા ગ્રંથના ગ્રાહક થઇ, ખરીદીને, પેલા પુસ્તકનેમાટે નામ નોંધાવનારને એ. એક રૂપીએ અપાય અને અવલ આશ્રય આપનારને અધીક લાભ મળે એવી ઇચ્છા છે. તો તે પુસ્તકના પણ જેને જેટલી કોપી રાખવાની હોય તેવા મતલબની ખબર નીચેના સરનામે સત્વર લખી મોકલવી કે તે પ્રમાણે કોપીઓ કહાડવામાંઆવે

લલ્લુભાઇ પ્રભાશંકર

વડોદરા જગમાલની પોળ અને

અમદાવાદ હજીરાની પોળ.

ઉપકાર-અંગીકૃત-પત્ર.

આ પુસ્તક સત્વર પ્રસીદ્ધ થવા, મેન્યુસ્ક્રીપ્ટ જોઇ, અગાઉ આશ્રય આપ ઉદાર સદગ્રહસ્થોનાં નામની નોંધ.—

મે. ચીનુભાઇ માધુભાઇ, અમદાવાદ-
મે. લક્ષ્મણરાવ પ્રભાકર પંડીત, પુના-
મે. શંભુપ્રસાદ સોમેશ્વર, ... સુર્યપુર-
મે. નારાયણપ્રસાદ નારેશ્વર, નવાનગર- ૩૫
મે. ચીમનભાઇ લાલભાઇ અમદાવાદ- ૨૫
મે. કસ્તુરભાઇ મણીભાઇ,... અમદાવાદ- ૨૦
મે. [illegible]પતરાંમ ગોવીંદરામ, ગીરગામ- ૧૫
મે. કાશીનાથ ભગવાન, ... ભાવલપુર- ૧૦
મે. અંબાલાલ સાકરલાલ દેસાઇ,અમદાવાદ- ૫

સદરહુ સદગ્રહસ્થોનો સારો ઉપકાર માનવામાં આવે છે. આ પુસ્તક, અધ્યાત્મજ્ઞાનનિષ્ટ અને પર્મભક્ત શ્રીસરજ્જયુદાસ માહારાજ અમદાવાદ એમને આદરપુર્વક અર્પણ કરવામાં આવે છે.

અને આ બુક બાહારપડયાપછી પણ જે ગ્રહસ્થો જેટલી કોપી રાખશે તેમને તેના પ્રમાણ પ્રમાણે